# ગાંધીજીનો વિનોદ

લલ્લુભાઈ મકનજી



# ગાંધીજીનો વિનોદ

સંપાદક
લલ્લુભાઈ મકનજી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૩૮૦ ૦૧૪

એંશી રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૫૭

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦, ડિસેમ્બર ૧૯૫૭
બીજી સંવર્ધિત આવૃત્તિ, પ્રત ૧,૦૦૦, ઑગસ્ટ ૧૯૬૬
ત્રીજી સંવર્ધિત આવૃત્તિ, પ્રત ૨,૦૦૦, જૂન ૧૯૯૪
પુનર્મુદ્રણ, પ્રત ૨,૦૦૦, ડિસેમ્બર ૨૦૧૫
કુલ પ્રત ૨૬,૦૦૦

ISBN 978-81-7229-082-5

મુદ્રક અને પ્રકાશક
વિવેક જિતેન્દ્ર દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪
ફોન: ૦૭૯–૨૭૫૪૦૬૩૫, ૨૭૫૪૨૬૩૪
E-mail: sales@navajivantrust.org
Website: www.navajivantrust.org

મારામાં વિનોદ કરવા અને સમજવા જેટલી બુદ્ધિ છે, તેને લીધે હું આવી વસ્તુ પર ચિડાતો અટકું છું. એ જો મારામાં ન હોત તો હું ક્યારનો ગાંડો થઈ ગયો હોત.

—**ગાંધીજી**

# પ્રકાશકનું નિવેદન

'**ગાંધીજીનો** વિનોદ'ની આ ત્રીજી આવૃત્તિ છે. પહેલી ૧૯૫૭માં પ્રસિદ્ધ થયેલી અને બીજી સંવર્ધિત આવૃત્તિ ૧૯૬૬માં. ત્યાર બાદ તેનાં ત્રણ પુનર્મુદ્રણ થયાં અને અત્યાર સુધીમાં તેની તેર હજાર જેટલી નકલો વાચકો સુધી પહોંચી ગઈ છે. આમ આ પુસ્તકને વાચકો તરફથી સુંદર આવકાર મળ્યો છે.

તેનું એક મહત્ત્વનું કારણ પુસ્તકનો વિષય પણ છે. આમ તો સહજ વિનોદવૃત્તિ એ રસના ચટકા જેવી છે. પણ તે એટલી સહજ નથી હોતી. ક્યારેક વિનોદવૃત્તિને કંઈક અણછાજતી વસ્તુ પણ ગણી કાઢવામાં આવે છે. ગંભીર મુખમુદ્રા સાથે ફરનાર ગંભીર મુખમુદ્રાને પોતાની પ્રતિષ્ઠા સમજે છે.

ગાંધીજી આનાથી ઊલટું માનતા હતા. તેમના જીવનની વાતોમાં, ગળાબૂડ પ્રવૃત્તિમાં પણ, આપણને તેમની વિનોદવૃત્તિનો પરિચય કરાવતા ઘણા પ્રસંગો જોવા–વાંચવા મળે છે. એમની વિનોદવૃત્તિને કારણે જ તેઓ કામનો કચડી નાખે તેવો બોજો પણ સહજ રીતે ઉપાડી શકતા હતા.

એક વાર એક અંગ્રેજે ગાંધીજીને પૂછ્યું: "જીવનમાં વિનોદવૃત્તિની જરૂર છે એમ આપ માનો છો?" તેના જવાબમાં બાપુએ કહ્યું, "મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મેં ક્યારનોયે આપઘાત કર્યો હતો."

આ પુસ્તકમાં ગાંધીજીની વિનોદવૃત્તિનો પરિચય કરાવતા સવાસો જેટલા પ્રસંગો ભાઈશ્રી લલ્લુભાઈએ શોધીને સંપાદિત કર્યા છે. કોઈની પણ લાગણી દુભાવ્યા વગર બાપુ કેવો નિર્દોષ અને નિર્દંશ આનંદ કરી શકતા હતા તેનો પરિચય આપણને તે વાંચતાં થાય છે.

આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિમાં શ્રી લલ્લુભાઈએ કેટલાક નવા પ્રસંગો ઉમેર્યા છે અને ગાંધીજીના હાસ્ય અંગે જુદી જુદી વ્યક્તિઓનાં લખાણ એકત્રિત કરેલાં હતાં તેમાં પણ થોડો ઉમેરો કર્યો છે.

અગાઉની આવૃત્તિની જેમ આ આવૃત્તિને પણ વાચકોનો સહજ સારો આવકાર મળશે એવી અમને ખાતરી છે.

૨૭-૫-'૯૪

# પ્રસ્તાવના

**સત્ય** અને અહિંસા જેવા ગહન વિષય પર ગાંધીજીનાં લખાણો વાંચીને દૂરનો વાચક ગાંધીજીના મોહક અને વિનોદી વ્યક્તિત્વને અન્યાય કરી બેસવાનો સંભવ છે. એવો જ અન્યાય દૂરથી તેમનાં દર્શન કરનાર પણ કરી બેસે તો આશ્ચર્ય નહીં. ઈશ્વર અને ધર્મની વારંવાર વાતો કરનાર ગાંધીજી કોઈ પાદરી જેવા ગંભીર પ્રકૃતિના હશે એમ પણ લાગે. પણ ગાંધીજીના સાન્નિધ્યમાં થોડી મિનિટો ગાળનારના આવા ભ્રામક ખ્યાલો તરત જ દૂર થઈ જતા. જીવનનાં અનેકવિધ પાસાંઓમાં ગાંધીજીના જીવનનું એક પાસું વિનોદથી ભરેલું હતું. જે અસંખ્ય સ્ત્રી-પુરુષો તેમના સંપર્કમાં આવ્યાં તે સૌના ઉપર આ વિનોદી અને લોહચુંબક જેવા આકર્ષક વ્યક્તિત્વની અસર પડી છે અને તેથી જ અનેક વિરોધીઓને ગાંધીજીએ પોતાના કરી લીધા છે. એમના વિનોદમાં કટુતા, ડંખ કે તિરસ્કાર ક્યાંયે દેખાતાં નથી. આવો વિનોદી સ્વભાવ ગાંધીજીનો ન હોત તો રાષ્ટ્રના મહાન સવાલોના બોજા નીચે તેઓ કચડાઈ ગયા હોત.

ગાંધીજીને હસતા જોઈને કેટલાક કુતૂહલથી પૂછતા કે આટલી ભારે અને ગંભીર જવાબદારીઓ અદા કરવાની હોય છે ત્યારે ગાંધીજી કેવી રીતે હસી શકે અને બીજાને હસાવી શકે? ગમે તેવા કપરા અને દુઃખદ પ્રસંગોમાં પણ પોતે હસી શકે છે માટે જ આવો મહાન બોજો તેઓ વહી શકે છે એમ ગાંધીજી કહેતા. તેમનું શિશુસરલ હાસ્ય તેમના વ્યક્તિત્વને અનેરો ઓપ આપતું. તેથી જ મહાત્માજીનું હાસ્ય જોવાનું સૌભાગ્ય જેને મળ્યું નથી તે મહાત્માજીને ઓળખતો નથી.

એક મિત્રને કહેલાં વચનોમાં ગાંધીજીની વિનોદવૃત્તિનું રહસ્ય

આપણને સ્પષ્ટ સમજાય છે, તેમણે કહ્યું કે, “જો મારામાં વિનોદવૃત્તિ ન હોત તો મારા પર અનેક દિશાઓમાંથી જે રોજ રોજ હુમલાઓ થાય છે તેણે મને ક્યારનો મારી નાખ્યો હોત. પણ મને ઈશ્વરમાં જીવંત શ્રદ્ધા છે. જ્યાં સુધી તે મને દોરવી રહ્યો છે ત્યાં સુધી બીજાઓ મારા વિશે શું કહે તેની મને પરવા નથી. તેમની ટીકાઓને હું રમૂજમાં લઉં છું અને જેઓ મને હસી રહ્યાં છે તેમના પ્રત્યે પણ હું હસી શકું છું.”

ગાંધીજીના એ હાસ્યચેતનના ફુવારા તેમની વાણીમાં નિરંતર ઊડ્યા જ કરતા હતા. તેમાંથી કેટલાક ચૂંટીને અહીં મૂકવાનો મારો નમ્ર પ્રયાસ છે.

લલ્લુભાઈ

# અનુક્રમણિકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| | પ્રકાશકનું નિવેદન | v | ૨૨ | ઘડિયાળો ભલે જુદી પડે | ૨૧ |
| | પ્રસ્તાવના | vii | ૨૩ | મધ્યમસર | ૨૧ |
| ૧ | બાપા | ૩ | ૨૪ | લગ્નજયંતી | ૨૨ |
| ૨ | બિચારું હૈયું! | ૪ | ૨૫ | રસગુલ્લાંની મજા | ૨૨ |
| ૩ | સો શરદ જીવો | ૪ | ૨૬ | બ્રિટિશ સિંહની દશા | ૨૩ |
| ૪ | પ્રાણીસંગ્રહાલયનું પ્રાણી | ૫ | ૨૭ | દરિદ્રનારાયણનો પ્રતિનિધિ | ૨૪ |
| ૫ | સાઠી બુદ્ધિ નાઠી | ૬ | ૨૮ | અરીસાની શી જરૂર? | ૨૪ |
| ૬ | બધા મહાત્મા થવા બેઠા છે | ૭ | ૨૯ | યશ મળવો મુશ્કેલ છે | ૨૫ |
| ૭ | મોચીઓને પદાર્થપાઠ | ૯ | ૩૦ | મોટું કોણ? | ૨૫ |
| ૮ | જાપાની સ્ત્રી | ૧૦ | ૩૧ | બેકારીનો ઉપાય | ૨૬ |
| ૯ | મિનિસ્ટર થવું છે? | ૧૧ | ૩૨ | મરચાંની તીખાશ | ૨૬ |
| ૧૦ | બિશપનો ધંધો જતો રહેશે | ૧૧ | ૩૩ | ભંગી જેટલી જ સ્વતંત્રતા | ૨૭ |
| ૧૧ | આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે છે | ૧૨ | ૩૪ | લાકડીનો ઉપયોગ | ૨૭ |
| | | | ૩૫ | સ્વાગત! | ૨૮ |
| ૧૨ | બીજો મહાત્મા શોધે | ૧૩ | ૩૬ | લોહીનું દબાણ ઉતારવાનો ઉપાય | ૨૮ |
| ૧૩ | લાડકા દીકરાઓ | ૧૪ | | | |
| ૧૪ | મૂડીપતિને | ૧૫ | ૩૭ | રાજા કૅન્યૂટ | ૩૦ |
| ૧૫ | અરે! મને શિંગડાં ઊગ્યાં! | ૧૫ | ૩૮ | વૃદ્ધોનો વિનોદ | ૩૧ |
| ૧૬ | મારા કાન લાંબા હશે? | ૧૬ | ૩૯ | જન્મદિનની થેલી | ૩૧ |
| ૧૭ | અરે! આ કોણ હશે? | ૧૭ | ૪૦ | સેવા એ જ મારો ધર્મ | ૩૨ |
| ૧૮ | કન્યા અંતે ભાગી ગઈ! | ૧૭ | ૪૧ | પિતૃત્વની હરીફાઈ | ૩૨ |
| ૧૯ | દયા | ૧૯ | ૪૨ | ચાવી વિનાનું ઘર | ૩૩ |
| ૨૦ | તમે મિજાજ ગુમાવો છો? | ૧૯ | ૪૩ | પાપનું પ્રાયશ્ચિત્ત | ૩૩ |
| ૨૧ | શાણપણ પાછળથી આવ્યું | ૨૦ | ૪૪ | સ્વરાજ્ય મોડું આવશે | ૩૪ |

૪૫ તીખાશ ચલાવી લો ૩૫
૪૬ અર્જુનોને ૩૫
૪૭ તેની સાથે શાદી કરીશ ૩૬
૪૮ બોખાનો વળી ફોટો શો? ૩૭
૪૯ પ્રાર્થના કરો ૩૮
૫૦ હું તો ગરીબ છું ૩૮
૫૧ આ ન્યાય ક્યાંનો? ૩૯
૫૨ સાર તો આ ડબ્બીમાં છે ૪૦
૫૩ સ્વાદની હિંસાનો વાંધો નથી ૪૦
૫૪ નાતાલની ભેટ ૪૧
૫૫ વત્તા ચાર અને ઓછા ચાર ૪૨
૫૬ મૂંઝવણ મને કે રાજાને? ૪૨
૫૭ પિતા જ બાકાત? ૪૩
૫૮ બંનેએ ટોસ્ટ લીધો ૪૩
૫૯ મને બીક લાગે છે ૪૪
૬૦ સ્વરાજ અને કાંતણ ૪૫
૬૧ મોટા મહાત્મા ૪૬
૬૨ વાસણ ઘસતા કર્યા ૪૬
૬૩ મૂરખનો સરદાર ૪૭
૬૪ ભલીવાર શેમાં? ૪૭
૬૫ પતિ પર હુકમ બજાવો ૪૮
૬૬ આશીર્વાદ ૪૯
૬૭ ઇલકાબ ૪૯
૬૮ હથિયારની તપાસ કરો ૫૦
૬૯ નાકની રક્ષા ૫૦
૭૦ મારો સમય નકામો જતો નથી ૫૧
૭૧ મહાત્માના પ્રતાપે ૫૧
૭૨ શુભ-ગમન ૫૨
૭૩ મારો સામાન ૫૨
૭૪ લુચ્ચો ગાંધી! ૫૩
૭૫ લાખ દીકરીનો પિતા! ૫૪
૭૬ ભગવાનની હાર! ૫૪
૭૭ બાંધી મૂઠી ૫૫
૭૮ શિંગડાંવાળો માનવી ૫૫
૭૯ એ ચીજ કઈ? ૫૬
૮૦ ગાડી પાટા પર આવશે ખરી! ૫૬
૮૧ યુધિષ્ઠિર અને કૂતરો ૫૭
૮૨ મારી પાસે ફૂટી બદામ પણ નથી ૫૭
૮૩ તમારું અંતર તપાસવા દો ૫૮
૮૪ એનો પતિ ભાગેડુ છે ને! ૫૯
૮૫ હું પાકો વાણિયો છું ૫૯
૮૬ કૂવામાંનો દેડકો! ૬૦
૮૭ બાની સાડી વેચે તો પૈસા મળે ૬૦
૮૮ મૃત્યુ પછીની ચોકસાઈ ૬૧
૮૯ પોલીસને નહીં બોલાવું ૬૧
૯૦ સિંહનો નાદ અને ગાયનું રુદન ૬૨
૯૧ ચાલો ભજન કરીએ ૬૩
૯૨ ફાંસીને માંચડે પણ વિનોદ ૬૪

૯૩ પરશુરામ તો ભીમ છે ૬૪
૯૪ બાપુને કોઈ પ્રધાન બનાવતું નથી ૬૫
૯૫ હિપહિપ હુર્રે ૬૫
૯૬ આ બુઢ્ઢાનું કોણ? ૬૬
૯૭ આશ્રમનો રાજા ૬૭
૯૮ જોશીનું ભવિષ્ય ૬૮
૯૯ પેટન્ટ રાઇટનો ભંગ ૬૮
૧૦૦ મહાત્માનો નિરાળો માર્ગ ૬૯
૧૦૧ ભુલકણા ઍન્ડ્રૂઝ ૭૦
૧૦૨ ખિસ્સાં ખાલી કરવાની કળા ૭૧
૧૦૩ મહાત્માજીની મોહની ૭૩
૧૦૪ મૃત્યુશય્યા ૭૫
૧૦૫ કદરૂપો માનવી ૭૫
૧૦૬ પ્રેમીની પીડા પ્રેમી જ જાણે ૭૬
૧૦૭ ભલે નૃત્ય કરો ૭૭
૧૦૮ હિંદની ગરીબાઈ અને વાંદરાઓ ૭૭
૧૦૯ કચ્છ અને નગ્નાવસ્થા ૭૮
૧૧૦ મને ચા વડે નવડાવે છે! ૭૯
૧૧૧ સારવાર કોની! ૭૯
૧૧૨ ચંદ્રમાની કળા જેવી તબિયત ૮૦
૧૧૩ આવકાર! ૮૧
૧૧૪ તો બોડકું કરોને! ૮૧
૧૧૫ ચરણસ્પર્શની કૃતાર્થતા ૮૨
૧૧૬ લશ્કર વિનાના સેનાધિપતિ ૮૩
૧૧૭ સામાન ભલે પ્રથમ વર્ગમાં પ્રવાસ કરે ૮૩
૧૧૮ રામદાસની મોટરમાં બહાર જઈશું! ૮૫
૧૧૯ શાલ સિવાય કશું નથી ૮૫
૧૨૦ વપરાયેલી ગોળી! ૮૬
૧૨૧ સિંહ કે શિયાળ? ૮૬
૧૨૨ ગરાસિયો વેઠે પકડાયો ૮૭
૧૨૩ બીજા સાથે પ્રેમમાં ન પડે એ જોજો ૮૮
૧૨૪ લાકડી જોડીદાર! ૮૮
૧૨૫ ઍર-કન્ડિશન્ડ ટાંગો ૮૯
૧૨૬ મને સ્વયંસેવક જોઈએ ૮૯
૧૨૭ તમારું કુટુંબ કેમ છે? ૯૦
૧૨૮ વાણિયાથી વેપાર વિના ન રહેવાય ૯૦
૧૨૯ હું મહાત્મા છું ૯૧
૧૩૦ બે પુરુષો અને એક દડો ૯૨
૧૩૧ એ પદ યુવાનો માટે સુરક્ષિત ૯૨
૧૩૨ તમારું કોઈ સાંભળે છે ખરું? ૯૩
૧૩૩ ક્યાંયનો નહીં? ૯૩
૧૩૪ પંખી જેટલો આનંદી ૯૪
૧૩૫ ઘોડા જેવી તબિયત ૯૪
૧૩૬ ડાબા હાથે રમીશ ૯૫
૧૩૭ યોગી જેમ વર્ત્યા ૯૬
૧૩૮ મને 'પ્રમોશનક્ક મળ્યું! ૯૭

૧૩૯ ઇન્જેક્શન લેવાની ના પાડી ૯૭
૧૪૦ જેનું ખાય તેનું ગાય ૯૮
૧૪૧ કદરૂપો માનવી રૂપાળો બને? ૯૯
૧૪૨ શો ફેર? ૯૯
૧૪૩ કઈ જેલ સારી? ૧૦૦
૧૪૪ કાળાં કાપડનાં ફૂલો ૧૦૦
૧૪૫ મોટા શરીરને મોટો ચમચો ૧૦૧
૧૪૬ વિજયની ચાવી ૧૦૧
૧૪૭ વ્યાજ સાથે ઉઘરાણી ૧૦૨
૧૪૮ સેવાની તક ઝડપી લીધી ૧૦૨
૧૪૯ હું કંઈક શીખ્યો છું ૧૦૩
૧૫૦ મહાત્મા એટલે શું? ૧૦૩
૧૫૧ ડાઘુ ૧૦૪
૧૫૨ સંદેશો ૧૦૪
૧૫૩ ચઢેલી રજા ભોગવીશ ૧૦૫
૧૫૪ માટીનો મુગટ ૧૦૫
૧૫૫ મોટા ભાઈનો ઠપકો ૧૦૫
૧૫૬ માર્કમાં મીંડું ૧૦૬
૧૫૭ આશ્ચર્યમુગ્ધ વાઇસરૉય ૧૦૭
૧૫૮ જેલનું રીઢું પંખી ૧૦૮
૧૫૯ કોનો જન્મદિન? ૧૦૮
૧૬૦ એ ગૃહસ્થ કોણ? ૧૦૯
૧૬૧ કાંતવાનું રહસ્ય ૧૧૦
૧૬૨ દશનાં ગળાં કાપું ૧૧૦
૧૬૩ એક જમાનાનો વકીલ પણ હાલમાં બહારવટિયો ૧૧૧
પરિશિષ્ટ ૧૧૨

# ગાંધીજીનો વિનોદ

૧

# બાપા

**ગાંધીજી** ત્યારે મહાબળેશ્વરમાં આરામ લઈ રહ્યા હતા. એ તકનો લાભ લઈ કસ્તૂરબા સ્મારક ફંડના ટ્રસ્ટીઓએ મહાબળેશ્વરમાં જ ટ્રસ્ટની સભા રાખી. ગાંધીજી પ્રમુખપદે બિરાજ્યા હતા. એક પ્રશ્ન પર સભ્યો પોતપોતાનું મંતવ્ય રજૂ કરી રહ્યા હતા. ગાંધીજીના નાના પુત્ર દેવદાસ પણ ટ્રસ્ટના સભ્ય હોવાથી ત્યાં હાજર હતા. તેમને કંઈક કહેવું હતું પણ તે કહેતાં તેમને સંકોચ થતો હતો. અંતે તે બોલ્યા:

"બાપુ, આ પ્રશ્ન અંગે મારે પણ કંઈક કહેવું છે."

ગાંધીજી: "જરૂર, તમને જે યોગ્ય લાગે તે કહો."

દેવદાસ: "પણ બાપુ! તમે જેનું સમર્થન કરી રહ્યા છો તેની વિરુદ્ધ મારે તો કહેવાનું છે."

ગાંધીજી (હસીને): "આજ્ઞાંકિત પુત્રને તેના બાપના મોં પર કહેતાં સંકોચ થાય એ સ્વાભાવિક છે. પણ તમારે એવી લાગણી રાખવાની જરૂર નથી. જે કહેવું હોય તે કહો."

પછી ઠક્કરબાપા તરફ આંગળી ચીંધી તેમણે ઉમેર્યું:

"પણ જોજો, અહીં એકને બદલે બે બાપા બેઠા છે. હું તમારી મૂંઝવણ સમજી શકું છું."

રાજાજી સભામાં સહેજ દૂર બેઠા બેઠા આ વિનોદ સાંભળી રહ્યા હતા. તે દેવદાસના સસરા થાય એટલે પિતાતુલ્ય જ ગણાય ને! તેમણે ઉમેર્યું:

"બાપુ! અહીં બે નહીં ત્રણ બાપા બેઠા છે!"

## ૨
## બિચારું હૈયું!

**એક** સભ્ય સમાજની આગળ પડતી બહેન ગાંધીજીના ઠીક ઠીક પરિચયમાં આવી હતી. એક દિવસ તેમણે ગાંધીજી વિશે કેટલીક બિનજવાબદાર વાતો કોઈકને કહી હતી. એ વાતનો હેવાલ ગાંધીજી પાસે આવ્યો. આવી ઊડતી વાતની પૂરી તપાસ કર્યા વિના ગાંધીજીએ તે સાચી માનવાની ના પાડી. તે કેટલે અંશે સત્ય છે તે જાણવા માટે તે બહેનને જ ગાંધીજીએ પૂછ્યું.

રોષમાં ને રોષમાં તે બહેને કહેવડાવ્યું: "મને શું પુછાવો છો? પૂછોને તમારા હૈયાને?"

ગાંધીજીએ તેમને વિનોદી પત્ર લખ્યો:

"તમે તો ઘણાં ગંભીર લાગો છો પણ મારે તો હસવું જ જોઈએ; નહીં તો હું ફાટી મરું. તમારી જીભલડી કોઈના કાનમાં કંઈ ગણગણી જાય તે આ મારું બિચારું હૈયું કેવી રીતે જાણી શકે?"

## ૩
## સો શરદ જીવો

ઈ. સ. ૧૯૪૨માં અખિલ હિંદ મહાસમિતિની બેઠકમાં ગાંધીજીએ જણાવ્યું હતું કે હવે મારે ૧૨૫ વર્ષ જીવવું છે. તેને બીજે જ દિવસે સરકારે તેમને આગાખાન મહેલમાં કેદ કર્યા. ત્યાં તેમણે ૨૧ દિવસના ઉપવાસ કર્યા. ઉપવાસ દરમિયાન એક દિવસ તેમની તબિયત ખૂબ ચિંતાજનક હતી. સૌ કોઈના દિલમાં એક જ પ્રાર્થના હતી કે બાપુ ક્ષેમકુશળ જેલમાંથી નીકળે તો સારું. એ અગ્નિપરીક્ષામાંથી પણ ગાંધીજી પસાર થયા. માંદગીને કારણે સરકારે તેમને જેલમુક્ત કર્યા

ત્યારે તેમની તંદુરસ્તી માટે સૌએ પ્રાર્થના કરી. વયોવૃદ્ધ નેતા પંડિત મદનમોહન માલવિયાજીએ પણ તાર કરી પોતાની શુભેચ્છા પાઠવી:

"માનવજાત અને ભારતમાતાની સેવા કરવા પ્રભુ આપને સો શરદનું આયુષ્ય આપો."

પણ ગાંધીજી તો ૧૨૫ વર્ષ જીવવા ઇચ્છતા હતા. ગાંધીજીના જાહેર ઉદ્ગારની પંડિતજીને ખબર ન હોય એ સંભવે. તેથી પોતાના વિનોદી સ્વભાવને શોભે એવા લાક્ષણિક જવાબરૂપે તેમણે ૧૨૫ વર્ષ જીવવાની ઇચ્છા પંડિતજીને જણાવી:

"આપનો તાર મળ્યો, પણ કલમના એક જ ઝટકે આપે મારાં ૨૫ વર્ષ કાપી નાખ્યાં. ભલે, તો હવે તે આપના આયુષ્યમાં ઉમેરી દેજો."

આવો જવાબ વાંચી વયોવૃદ્ધ માલવિયાજીના મુખ પર હાસ્યની રેખા નહીં ફરી વળી હોય?

## ૪
## પ્રાણીસંગ્રહાલયનું પ્રાણી

**ગોળમેજી** પરિષદમાં હાજરી આપવા ગાંધીજી ઇંગ્લૅન્ડ ગયા હતા. ત્યાં અનેક મુલાકાતીઓ તેમને મળવા આવતા. એ મુલાકાતીઓમાં એક વાર અમેરિકન યુવતીને પરણેલા એક વિદ્યાર્થી પોતાની પત્ની સાથે આવી ચડ્યા.

પેલી યુવતી તરફ નજર કરીને તેને જોઈ લીધા પછી ગાંધીજીએ પેલા વિદ્યાર્થીને પૂછ્યું:

તમારાં પત્નીને તમે હિંદુસ્તાન લઈ જશો ને?

એક પ્રકારનો ગભરાટ અને સંકોચ અનુભવતાં વિદ્યાર્થીએ હા પાડી.

પછી પેલી અમેરિકન યુવતી આગળ આવી. તે મુગ્ધ અને ચંચળ હતી અને આત્મવિશ્વાસની લાગણી પણ તેનામાં વધારે હોય તેમ લાગતું.

તેણે પૂછ્યું: મહાત્માજી! આપ અમેરિકા ક્યારે આવશો?

ગાંધીજી: હાલ તુરત તો નહીં જ.

અમેરિકન યુવતી: પણ આપને જોવા માટે ત્યાં દરેક જણ અધીરું બની ગયું છે.

ગાંધીજીમાં અમેરિકનો કેવા પ્રકારનો રસ અને કુતૂહલ બતાવતા હતા તે પોતાના મિત્રો દ્વારા પોતે સારી રીતે જાણતા હતા. એટલે યુવતીનો પ્રશ્ન સાંભળી તેમની આંખો જરાક ચમકી. પછી તે બોલ્યા:

"મને જોવા અમેરિકનો અધીરા હશે પણ મારા માર્ગદર્શક અમેરિકન મિત્રો મને કહે છે કે મને ત્યાં પ્રાણીસંગ્રહાલયમાં મૂકી દેવામાં આવશે."

"ના, ના, ના," ના અવાજો સાથે આસપાસ બેઠેલાં સૌ હસી પડ્યાં.

## ૫
## સાઠી બુદ્ધિ નાઠી

**ગાંધીજીએ** આગાખાન મહેલમાંથી વાઇસરૉયને એક પત્ર લખ્યો હતો. તે વાંચી સરોજિની નાયડુએ કહ્યું કે, "બાપુએ પત્ર ન લખવો જોઈએ. પહેલો પત્ર સંપૂર્ણ હતો. બાપુ એટલા મહાન છે કે એમણે એ લોકોને વારંવાર ન લખવું જોઈએ. એમણે ગુપચુપ શાંતિથી બેસી રહેવું જોઈએ. છેવટે અંગ્રેજોને બાપુ પાસે આવ્યા વિના છૂટકો નથી."

પણ સરોજિની નાયડુના આ અભિપ્રાય પર ગાંધીજીએ ધ્યાન ન આપ્યું. બીજે દિવસે પત્ર રવાના કરતાં પહેલાં ફરીથી એ પત્ર ગાંધીજી વાંચી ગયા. ત્યારે તેમને સરોજિની નાયડુની વાત સાચી લાગી અને પત્ર રવાના કરવાનો વિચાર માંડી વાળ્યો. તે જ વેળા સરોજિની નાયડુ ત્યાંથી પસાર થતાં હતાં. તેમને બોલાવી ગાંધીજીએ કહ્યું:

"અમ્માજાન, મારે તમારી આગળ કબૂલ કરવું પડે છે કે કાલે તમે વાઇસરૉય પર લખેલા પત્ર વિશે તમારો મત દર્શાવ્યો ત્યારે મેં

તમારી વાતને ઝાઝું મહત્ત્વ નહોતું આપ્યું. મેં અભિમાનમાં વિચાર્યું કે અમ્માજાન તો ઘરડી થઈ ગઈ છે."

સરોજિની નાયડુ (વચ્ચે બોલતાં): "હા, જુવાનીના અભિમાનમાં વિચાર્યું હશે!"

ગાંધીજીએ હસતાં હસતાં પોતાનું કહેવું ચાલુ રાખ્યું: એ પત્રવ્યવહાર વાંચ્યા પછી તમારી દલીલનું મહત્ત્વ હું સમજ્યો અને મેં પોતે જ વિચાર્યું કે અમ્માજાન તો જુવાન થતી જાય છે! અને અમે પોતે જ ઘરડા થવા લાગ્યા છીએ એટલે સાઠી બુદ્ધિ નાઠી. હવે એ કાગળ નહીં જાય.

## ૬
## બધા મહાત્મા થવા બેઠા છે

**વાસણકૂસણ** કે ગ્રામસફાઈ કરતી વેળા સેવાગ્રામમાં આશ્રમવાસી ભાઈઓ ટૂંકી બાંયનાં પહેરણ અને ચડ્ડી પહેરતા હતા. એ પોશાક જોઈને એક વિદેશી મહિલા શ્રી મેરી ચેઝલીએ ગાંધીજીને કહ્યું:

આ પોશાક મને બહુ અળખામણો લાગે છે.

ગાંધીજી: એ પોશાકે શો ગુનો કર્યો?

ચેઝલી: એ અંગ્રેજી પોશાક છે.

ગાંધીજી: પણ અંગ્રેજી હોય તેથી શું? અંગ્રેજી પોશાકમાં કંઈ સારું હોય તો હું અવશ્ય તે પહેરું. ભલેને અંગ્રેજોને હિંદી પોશાક વિશે ઘૃણા હોય.

ચેઝલી: મને તેથી ઊલટું લાગે છે. હિંદી પોશાક એવો કલામય છે કે એની સાથે એ વિદેશી ભેળવવાથી કળાનો નાશ થાય છે. ક્યાં તમારાં ઝૂલતાં ઢીલાં પહેરણ અને ક્યાં અંગ્રેજી ટૂંકી બાંયના જાંઘિયા?

ગાંધીજી: ત્યારે તો હું સોલાહેટ પહેરવાની અમારા લોકોને સલાહ આપું તો તમને ચક્કર આવે, ખરું ને?

પાસે બેઠેલાં મીરાંબહેન બોલ્યાં: મને તો જરૂર ચક્કર આવે. મને તો એ હેટ કોઈ દિવસ ગમી નથી.

ગાંધીજી: એ બતાવે છે કે તમે જે હેટ પહેરતાં તે તમારા માથાને બંધબેસતી ન હતી.

મીરાંબહેન: ના, ના, મારી પાસે તો તે વેળા ઉત્તમોત્તમ હૅટો હતી. પણ મારું તો હંમેશાં એ ઊંચી ટોપીઓથી માથું દુખી આવતું.

ગાંધીજી: ત્યારે મારે કહેવું જોઈએ કે તમારું માથું કઢંગું હશે, એ ટોપી તાપમાં કામ કરનારાઓ માટે તો સારી જ છે.

મીરાંબહેન: હું નથી માનતી. હેટ કરતાં હું પાઘડી પહેરવી વધારે પસંદ કરું.

ગાંધીજી: મને ખાતરી છે કે લલ્લુભાઈ શામળદાસ પહેરે છે એ પાઘડી તાપથી તો રક્ષણ ન જ આપે.

આમ ચર્ચા ચાલી રહી હતી ત્યાં વચ્ચે ચેઝલી બોલ્યાં: "પણ મને હિંદી અંગ્રેજીની આ ખીચડી પસંદ નથી. જુઓને, આ તમારો કચ્છ કેવો સુંદર છે! આ ભાઈઓ એવો કચ્છ કાં ના પહેરે? મારું કહેવું છે કે કાં તો બધો શુદ્ધ અંગ્રેજી પોશાક પહેરે, કે કાં તો શુદ્ધ હિંદી પહેરે."

ગાંધીજી: પણ શુદ્ધ અંગ્રેજ બનવું એટલે જાંગલા બનવું. એટલે તો દારૂની દુકાને પણ જવું ના?

સૌ ખડખડાટ હસ્યાં.

"મારો કચ્છ તો સરસ છે જ એમાં શંકા નથી. પણ વાત એ છે કે એ બાપડા મારા જેવો કચ્છ પહેરવા જાય તો મૂઆ જ પડે ને! લોકો કહે કે આ બધા મહાત્મા થવા બેઠા છે."

૭

# મોચીઓને પદાર્થપાઠ

**દક્ષિણ** આફ્રિકાની જેલોમાં અને ટૉલ્સ્ટૉય ફાર્મમાં ગાંધીજીએ જોડા ચંપલ બનાવવાની સારી તાલીમ લીધી હતી. એક દિવસ ગાંધીજીને ખબર પડી કે વર્ધાના સત્યાગ્રહ આશ્રમ સાથે સંકળાયેલા ચર્માલયના મોચીઓ સારી ચંપલ બનાવી શકતા નથી તેથી તેમને પ્રત્યક્ષ પદાર્થપાઠ આપવા માટે ગાંધીજીએ મગનવાડીમાં બોલાવ્યા.

ગાંધીજીની આસપાસ પોતાનાં ઓજારો અને ચામડાંના કકડા લઈને મોચીઓ બેઠા હતા. એટલામાં સરદાર વલ્લભભાઈ, રાજેન્દ્રપ્રસાદ, મહાસભાના મંત્રી અને કાર્યવાહક સમિતિના બધા સભ્યો આવી પહોંચ્યા, અને મોચીઓની આસપાસ ઊભા રહી નવું જ નાટક જોવા લાગ્યા.

"આ પટી આમ આડી જોઈએ. ટાંકા આ જગ્યાએ દેવા જોઈએ." ગાંધીજી મોચીઓને સમજાવી રહ્યા હતા.

પોતાને આપેલો સમય મોચીઓ લઈ રહ્યા હતા એટલે સભ્યોને અધીરા થતા જોઈ ગાંધીજી બોલ્યા:

"અરે બાપડા કોક દિવસ આવે છે અને એમને આટલો વખત આપું તેનો તમને દ્વેષ થાય કે? સારાં ચંપલ કેમ બને તે તમારે જોવું હોય તો જુઓ."

પોતાની આસપાસ બધા મોટા નેતાઓ ઊભેલા જોઈ મોચીઓ ગભરાયા અને એક પછી એક ઊઠીને બહાર કામ કરવા લાગ્યા પણ તેમની ઠોકઠાકનો અવાજ તો થયા જ કરે!

"આવી ગંભીર ચર્ચા ચાલતી હોય ત્યાં વળી આ શી ઠોકઠાક?" નેતાગણમાં અસંતોષ દેખાયો. કોઈકે એ અવાજ બંધ કરવાનું કહ્યું. પાસે

બેઠેલા એક આશ્રમવાસી મોચીને કહેવા જવા ઊઠ્યા, તેને અટકાવીને ગાંધીજી બોલ્યા:

"અરે મોચી કામ કરતા હોય તેની નજીક બેસીને પણ કામ કરવાની આપણને ટેવ પડવી જોઈએ, અને આ ગ્રામઉદ્યોગ સંઘનું કાર્યાલય છે એની આ લોકોને ખબર કેમ પડે?"

## ૮
## જાપાની સ્ત્રી

જાપાનની એક અગ્રગણ્ય કવિ યોન નોગુચી હિંદની મુલાકાતે આવ્યાં હતાં. હિંદમાં આવી મહાત્માજીને ન મળે તો તેમની મુલાકાત અધૂરી જ ગણાય! એટલે ગાંધીજીને મળવા તે સેવાગ્રામ આવ્યાં. ગાંધીજીની તબિયત ત્યારે સારી ન હતી. તે સૂઈ રહ્યા હતા અને કપાળે માટીનો લેપ મૂક્યો હતો.

તેમને આવકારતાં ગાંધીજી બોલ્યા:

"હું ભારતવર્ષની માટીમાંથી જન્મ્યો છું એટલે ભારતવર્ષની માટી મારે માથે મુગટની જેમ વિરાજે છે."

કવિએ તેમની તબિયત વિશે પૂછ્યું. પછી ચર્ચાએ વળ્યાં. ચર્ચા ચાલી રહી હતી ત્યારે કસ્તૂરબા કંઈક કામસર ગાંધીજી પાસે આવ્યાં. તેમની કવિ સાથે ઓળખાણ કરાવવામાં આવી.

પછી હસતાં હસતાં ગાંધીજી બોલ્યા:

"એ આબેહૂબ જાપાની સ્ત્રી હોય એવું તમને નથી લાગતું?"

સાંભળનારાઓ હાસ્ય ખાળી શક્યા નહીં પણ કવિ બોલ્યાં: "હા! મારી માતા જેવાં જ છે."

૯

## મિનિસ્ટર થવું છે?

ઈ. સ. ૧૯૩૭ની ચૂંટણીમાં પહેલી જ વાર કૉંગ્રેસે સત્તાવાર ભાગ લીધો અને બહુમતીથી ધારાસભાઓ કબજે કરી. પણ હોદ્દા સ્વીકારવા કે નહીં એ પ્રશ્ન પર મોટી મડાગાંઠ ઊભી થઈ. કૉંગ્રેસમાં પણ આ પ્રશ્ન પરત્વે બે ભાગલા પડી ગયા હતા.

એ ગાળામાં ગાંધીજી મદ્રાસ જઈ રહ્યા હતા. દરેક સ્ટેશને મોટી માનવમેદની તેમના દર્શનાર્થે ભેગી થતી હતી. પત્રકારો પણ તેમાં હોય જ. બેઝવાડા સ્ટેશને ગાડી પહોંચી ત્યારે મહામુસીબતે ટોળામાંથી માર્ગ કરતો એક પત્રકાર ગાંધીજી પાસે આવી પહોંચ્યો. તેણે પ્રશ્ન કર્યો:

"બાપુજી! કૉંગ્રેસ હોદ્દાનો સ્વીકાર કરશે?"

દેશના સળગતા પ્રશ્ન પર ગાંધીજીનો અભિપ્રાય માગ્યો હતો. ગાંધીજી કંઈ પણ બોલે તેને દેશપરદેશમાં ભારે પ્રસિદ્ધિ મળે એવો એ પ્રશ્ન. પોતે મૌન સેવે તો તેનો પણ અમુક અર્થ ઘટાવી શકાય.

એ પરિસ્થિતિમાંથી બચવા ગાંધીજીએ તરત સામો પ્રશ્ન કર્યો:

"કેમ! તમારે મિનિસ્ટર થવું છે?"

આવો અણધારેલો સામો સવાલ સાંભળી પત્રકાર મૂંઝાઈ ગયો. આથી આસપાસ ઊભેલા હસી પડ્યા. મૂંઝાઈને તે ટોળામાં અદૃશ્ય થઈ ગયો.

૧૦

## બિશપનો ધંધો જતો રહેશે

**ગોળમેજી** પરિષદ વેળા ગાંધીજી લંડનમાં રહેતા હતા ત્યારે એક બિશપ તેમને મળવા આવ્યા. 'વિજ્ઞાન અને યંત્ર' એ વિષય પર બિશપ ગાંધીજી સાથે ચર્ચામાં ઊતર્યા.

બિશપની એવી માન્યતા હતી કે યંત્રોથી માનવજાતની ખૂબ સેવા થાય છે. પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતાં તે બોલ્યા કે મનુષ્યને શારીરિક વૈતરામાંથી છોડાવવો જોઈએ, જેથી તે મોટા ભાગનો સમય પોતાના બૌદ્ધિક વિકાસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ગાળી શકે.

ગાંધીજી: સાધારણ માણસ પોતાની નવરાશનો બધો વખત સારી રીતે ગાળશે એવો મને વિશ્વાસ નથી. 'નવરો નખ્ખોદ વાળે' એ કહેવત ઘણી સાચી લાગે છે.

બિશપ: હું રોજ એક કલાકથી વધારે શારીરિક શ્રમ કરતો નથી. મારો બાકીનો સમય હું બૌદ્ધિક કામને આપું છું.

ગાંધીજી (હસતાં હસતાં): પણ જો બધા માણસો બિશપ બને તો બિશપનો ધંધો જતો રહેશે.

૧૧

## આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે છે

**દીનબંધુ** ઍન્ડ્રૂઝ અને ગાંધીજી વચ્ચે ગાઢ મૈત્રી હતી. ગાંધીજીના સંપર્કથી દીનબંધુએ ખાદી પણ અપનાવી હતી. એક વાર તે સેવાગ્રામમાં ગાંધીજીને મળવા આવ્યા ત્યારે લાંબી કફની અને કાળા રંગના પહોળા પટાની કિનારવાળું ધોતિયું પહેરીને આવ્યા હતા. મોટરમાંથી ઊતરતાં જ તેમની ધોતી તરફ સૌની નજર ગઈ. કોઈ સ્ત્રીની સાડીનો ધોતી તરીકે ઉપયોગ કર્યો હોય એવું લાગતું હતું. તેથી એક આશ્રમવાસીએ ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું કે સ્ત્રીઓ પહેરે તેવા વસ્ત્રની ધોતી કેમ દીનબંધુએ પસંદ કરી હશે? આ વાત ચાલી રહી હતી તેટલામાં જ દીનબંધુ ગાંધીજી પાસે આવી પહોંચ્યા. તેમની ધોતી જોઈ ગાંધીજીને પણ રમૂજ પડી. તેમને આવકાર આપતાં ગાંધીજી બોલ્યા:

અરે ચાર્લી! આવો વેશ તમે કેમ પહેર્યો?

દીનબંધુ: કેમ શું થયું?

ગાંધીજી: અરે થાય શું? રામનારાયણ કહે છે કે આવી ધોતી તો સ્ત્રીઓ પહેરે છે.

ગાંધીજીના વિનોદનો રસિક ઉત્તર આપતાં દીનબંધુ બોલી ઊઠ્યા: "મારે પણ મારા મોહનની પાસે આવવું હતું ને?"

સેવાગ્રામમાં ગાંધીજીની કુટિરમાં બંને વૃદ્ધોના અટ્ટહાસ્યથી વાતાવરણમાં પ્રસન્નતા પ્રસરી રહી.

૧૨

## બીજો મહાત્મા શોધે

**જાહેર** કાર્ય માટે ફાળો ઉઘરાવવાની કળામાં ભાગ્યેજ કોઈ ગાંધીજીની સરસાઈ કરી શકતું. ફાળો ઉઘરાવવાની પણ તેમની વિશિષ્ટ પદ્ધતિ હતી. પ્રવાસમાં જે સ્ટેશને ગાડી ઊભી રહે ત્યાં લોકોનું ટોળું તેમનાં દર્શન માટે એકઠું થયું જ હોય. તેમની સમક્ષ હાથ લંબાવવાનું તે ચૂકતા નહીં! લોકો તેમના હાથમાં પૈસા મૂકવા માટે પડાપડી કરતા. કેટલાક યુવાનોને હસ્તાક્ષર એકઠા કરવાનો શોખ હોય છે તેમને પણ હસ્તાક્ષર માટે પાંચ રૂપિયા ફી આપવી પડતી. સ્ત્રીઓએ દાનમાં આપેલાં ઘરેણાંની પણ હરાજી કરી મોટી રકમ મેળવતા. શ્રીમંતો પાસેથી પણ તેમને મોટી રકમ દાનમાં મળતી. પણ પોતાના સિદ્ધાંતના ભોગે ગાંધીજીએ કોઈ દિવસ દાનનો સ્વીકાર કર્યો નથી. કોઈ કોઈ વાર તો સહેજ નમતું આપે તો લાખ લાખ રૂપિયા દાનમાં મળી જાય એમ હતું, પણ એકેએક શરત સામે ગાંધીજી અચળ રહ્યા હતા.

એક વાર કેટલાક સનાતની હિંદુ શેઠિયાએ ગાંધીજીને અમુક શરતે દાન આપવાની ઇચ્છા પ્રગટ કરી. ગાંધીજી કંઈક એવું સમજ્યા કે એકાદ રચનાત્મક પ્રવૃત્તિ માટે ખાસ અલાયદી રકમ આપવાની તેમની

ઇચ્છા હશે. તેથી તેમણે પૂછ્યું: "તમારી શરત શી છે?"

સનાતની: મહાત્માજી! શરત એટલી જ કે એ નાણાંમાંથી મુસ્લિમ કે હરિજન માટે કંઈ વાપરવું નહીં.

ગાંધીજી (હસીને): તો તો એ દાનનો સ્વીકાર કરે એવા બીજા મહાત્માને તમારે શોધવો પડશે.

ગાંધીજીનો આ વિનોદી જવાબ સાંભળી સનાતનીઓ પણ હસવું ખાળી શક્યા નહીં!

## ૧૩
## લાડકા દીકરાઓ

**એક** વાર સેવાગ્રામમાં ગાંધીજી સમક્ષ ઉપવાસ કરી સત્યાગ્રહ કરવાનું કેટલાક હરિજનોએ નક્કી કર્યું. હરિજન સત્યાગ્રહીઓ ગાંધીજી પાસે આવ્યા અને સત્યાગ્રહ કરવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી.

"તમારી રહેવાની બધી જ સગવડ હું કરી દઉં છું. તમારી ઇચ્છા હોય તો આ મારી કુટિર ખાલી કરી આપું." ગાંધીજી બોલ્યા.

હરિજનો: ના, ના, એવું અમે ઇચ્છતા નથી.

ગાંધીજી: તો તમને પસંદ પડે તે મકાન લો.

હરિજનોએ બાની કુટિર પસંદ કરી તેથી બાને બોલાવી ગાંધીજીએ કહ્યું કે તમારી કુટિર એમને આપો.

બા: પણ પછી હું ક્યાં રહીશ?

ગાંધીજી: તમને ક્યાં વધુ જગ્યા જોઈએ છે? થોડી જગ્યા રહે તેનાથી ચલાવી લેજો. મેં પણ મારી કુટિર ખાલી કરી આપવાની ઇચ્છા એમને જણાવી હતી.

બા (હસીને): પણ એ તો તમારા લાડકા દીકરાઓ છે.

ગાંધીજી (ખડખડ હસીને): હા, હા, પણ મારા દીકરા તે તમારા

પણ ખરાને?

બાએ હસતાં હસતાં જગ્યા કરી આપવાની હા પાડી. પણ ગાંધીજીનાં આ પ્રેમાળ વચનો સાંભળી હરિજન સત્યાગ્રહીઓનો અર્ધો જુસ્સો ઊતરી ગયો.

૧૪

## મૂડીપતિને

**રાષ્ટ્રના** વેપારધંધા અને ઉદ્યોગમાં અગ્રસ્થાને બિરાજતા મૂડીપતિઓ અનેક વાર ગાંધીજીને મળવા આવતા હતા. તેઓ રાજકારણ, અર્થશાસ્ત્ર વગેરે અનેક વિષયો પર ગાંધીજી સાથે ચર્ચા કરતા. તેમાંના કેટલાકને તો ગાંધીજી સાથે ઘણો જ મીઠો સંબંધ હતો. એવા એક મૂડીપતિ ગાંધીજીને મળવા આવ્યા ત્યારે ગાંધીજી રેંટિયો કાંતતા હતા. કાંતતાં કાંતતાં જ ગાંધીજીએ તેની સાથે વાતો કરી. અંતે પેલા મૂડીપતિએ ગાંધીજીને પૂછ્યું:

બાપુ! તમે શું પસંદ કરો, મને પોતાને કે મારા ધનને?

ગાંધીજી: અલબત્ત, તમને જ.

મૂડીપતિ: પણ જો હું મારો વેપારધંધો છોડીને તમારી સાથે આવું તો તમે મને કયું કામ આપો?

ગાંધીજી (રેંટિયા તરફ આંગળી ચીંધીને): આ ચરખો જ તો.

૧૫

## અરે! મને શિંગડાં ઊગ્યાં!

**ખોરાક** સંબંધી અનેક પ્રકારના પ્રયોગો કરવામાં ગાંધીજીને ખૂબ રસ હતો. અને કોઈ એવા પ્રયોગો કરતું હોય તો તેનું પરિણામ જાણવાને પણ તેઓ આતુર રહેતા. એક વાર ગાંધીજીને ખબર પડી કે મદ્રાસ પ્રાંતમાં કોઈ ભાઈ કાચા અન્નનો વર્ષોથી પ્રયોગ કરે છે. તેથી તેમના

પ્રયોગ અને અનુભવ વિશે જાણવાને માટે તેમને આશ્રમમાં બોલાવ્યા.

ગાંધીજી તેમની વાતો મૂગા મૂગા સાંભળી રહ્યા હતા. તે ભાઈએ કાચા અન્નની ખોરાક તરીકે ખૂબ પ્રશંસા કરી. અને દૂધને ત્યાજ્ય ગણ્યું. તે એટલે સુધી કહેવા તૈયાર થયા કે દૂધ ખાવાથી મનુષ્યની બુદ્ધિ પણ પશુઓના જેવી જ થઈ જાય છે.

દલીલની ગાડી પાટા પરથી સરી જતી જોઈ ગાંધીજી પોતાના હાથની આંગળી માથા પર મૂકી શિંગડાં જેવો દેખાવ કરી બોલ્યા:

"અરે! જુઓ, જુઓ, મને પણ શિંગડાં ઊગવા લાગ્યાં."

બકરીનું દૂધ એ ગાંધીજીનો ખાસ ખોરાક. એટલે સાંભળનારાં હસી પડ્યાં અને પેલા ભાઈ પણ પોતાનો વિચારદોષ જોઈ વધુ દલીલ કરતા અટકી ગયા.

## ૧૬
## મારા કાન લાંબા હશે?

**ફ્રાન્સના** એક સુપ્રસિદ્ધ કાર્ટૂનિસ્ટ હિંદમાં આવ્યા હતા. દિલ્હીમાં ગાંધીજીને મળ્યા પછી તેમનું એક સરસ ઠઠ્ઠાચિત્ર તેમણે દોર્યું.

પારિસ વિશ્વવિદ્યાલયના એક પ્રોફેસરે તે ચિત્ર ગાંધીજીને ભેટમાં આપ્યું હતું. કાર્ટૂનિસ્ટની કળા જોઈ ગાંધીજીને આનંદ થયો. ધારી ધારીને તે ચિત્ર જોયા પછી આશ્ચર્ય વ્યક્ત કરતાં ગાંધીજી બોલ્યા:

ચિત્ર તો સારું છે પણ મારા કાન કેમ આટલા લાંબા દોર્યા છે?

પ્રોફેસર: કારણ કે આપના કાન એવા જ છે.

ગાંધીજી (હસીને): હું તો અરીસામાં જોતો જ નથી. તેથી મારા કાન આટલા લાંબા છે તેની મને ખબર નથી.

૧૭

## અરે! આ કોણ હશે?

**દેશપરદેશના** અનેક કાર્ટૂનિસ્ટોએ ગાંધીજીનાં ઠઠ્ઠાચિત્રો દોર્યાં છે. એવું એક ઠઠ્ઠાચિત્ર દોરીને એક કળાકાર ગાંધીજીની સહી લેવા આવ્યો. પોતાનું વિચિત્ર ઠઠ્ઠાચિત્ર જોઈ ગાંધીજીએ તેના પર લખ્યું—

"અરે! આ કોણ હશે!"

એક વાક્યમાં જ તેમની કળા વિશે ગાંધીજીને શું કહેવાનું છે તે કળાકાર સમજી ગયો અને આસપાસ ઊભેલા સૌ હસવા લાગ્યા.

૧૮

## કન્યા અંતે ભાગી ગઈ!

**ગાંધીજી** એક વાર શાંતિનિકેતનની મુલાકાતે ગયા હતા ત્યારે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે તેમના સ્વાગતની ભવ્ય તૈયારી કરી હતી. શાંતિનિકેતન એટલે કળાનું પરમ ધામ. સ્વાગતની બધી જ રચનામાં શાંતિનિકેતનની કળા ઊપસી આવતી હતી. ગાંધીજીને જે ઓરડામાં ઉતારો આપવાનો હતો તે ઓરડો વિવિધ પ્રકારનાં પુષ્પો અને કલામય વસ્તુઓથી સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. ગાંધીજીને તો એવા શણગારની કલ્પના પણ ન હતી. તેમને તો આશ્રમની ઢબનો એક સાદો ઓરડો પૂરતો હતો. જ્યારે ગુરુદેવ ટાગોર તેમને ઉતારાવાળા ઓરડામાં લઈ ગયા ત્યારે ઓરડામાં પેસતાં જ આ બધો કલામય શણગાર જોઈ ગાંધીજી હસી પડ્યા.

તે બોલી ઊઠ્યા: અરે! આ બધું શું છે? આ કન્યાના મંડપમાં મને ક્યાં લાવો છો?

ગુરુદેવ ટાગોર પણ વિનોદમાં ભળ્યા. તે બોલ્યા:

તમે કવિના ધામમાં પધાર્યા છો એટલું યાદ રાખવું જોઈએ.

પણ ગાંધીજી વિનોદમાં પાછા પડે એવા ન હતા. તેમણે પૂછ્યું: ઠીક ત્યારે કન્યા ક્યાં છે?

સ્વાગતમાં હાજર રહેલી બહેનો મંદ મંદ હસી રહી હતી. પણ ટાગોરે જવાબ આપ્યો: અમારા હૃદયની સદૈવ તારુણ્યવતી રાણી શાંતિનિકેતન તમને આવકારે છે.

આ જવાબથી ગાંધીજી વધુ ખીલ્યા: મારા જેવા ગરીબ બુઢ્ઢા અને બોખા આદમીને એક વાર જોયા પછી તે ભાગ્યેજ બીજી વાર જોશે.

"ના, ના," ટાગોર બોલી ઊઠ્યા, "અમારી રાણી તો સત્યની પૂજારણ છે અને આટલાં વર્ષોથી તે એકધારી રીતે સત્યને જ પૂજતી આવી છે."

ગાંધીજી: એમ! ત્યારે મારા જેવા બોખા અને બુઢ્ઢા આદમીને પણ સ્થાન છે ખરું.

આવા વિનોદી વાર્તાલાપ પછી ટાગોરે ગાંધીજીની વિદાય લીધી. ગાંધીજીએ શણગારની કેટલીક વસ્તુઓ ખસેડીને ખૂણામાં મુકાવી દીધી. ત્યાં રેંટિયો અને બીજી સામગ્રી આવી ગઈ. પથારી પણ તે ઓરડામાંથી બહાર કઢાવી અને હમેશ મુજબ ખુલ્લા આકાશની છત્રછાયા નીચે સૂતા.

બીજે દિવસે કવિવર ગાંધીજીને મળવા આવ્યા. ઓરડાની દશા જોઈ તેમણે વિનોદની ધારા ચાલુ કરી, "અરે! રામ, રામ. કન્યાનો મંડપ તો દેખાતો પણ નથી. વર તો બેઠેલા છે પણ કન્યા બિચારી ભાગી ગઈ કે શું?"

ગાંધીજી (ગુરુદેવને આવકાર આપવા ઊભા થઈને): મેં પહેલેથી જ ચેતવણી નહોતી આપી કે કન્યા આ બોખા બુઢ્ઢાની દરકાર નહીં રાખી શકે?

બંને વૃદ્ધ મહાપુરુષોના અટ્ટહાસ્યથી શાંતિનિકેતન ગુંજી રહ્યું હતું.

## ૧૯
## દયા

**ગાંધીજીએ** રચનાત્મક કાર્યક્રમમાં દારૂબંધીને મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. દારૂતાડીનાં પીઠાં બંધ કરવા માટે પિકેટિંગનો કાર્યક્રમ પણ અમલમાં મૂક્યો હતો. "મને જો લીંબુઉછાળ સમય માટે રાજ મળે તો પહેલો કાયદો દારૂબંધીનો જ કરું." એવું તેઓ કહેતા. તે તેમની દારૂના વિનાશમાંથી પ્રજાને બચાવી લેવાની તાલાવેલી બતાવે છે.

પણ પરદેશમાં દારૂ પીવાની સભ્યતા મનાય છે ત્યાં ગાંધીજીનું દારૂ બંધ કરવાનું કડક વલણ અને દારૂબંધીની હિલચાલનું ખરું સ્વરૂપ ન સમજાયું હોય એમ સંભવે. ગોળમેજી પરિષદ વેળા તેઓ ઑક્સફર્ડની મુલાકાતે ગયા હતા ત્યારે એક વિદ્યાર્થીએ પૂછ્યું: દારૂ પીનારાઓ પ્રત્યે તમે આટલા બધા નિર્દય કેમ થાઓ છો?

ગાંધીજી: એ બદીની ખરાબ અસરના જેઓ ભોગ થઈ પડ્યા છે તેમના પ્રત્યે મને દયા છે તેથી.

આવો ટૂંકો ને ટચ છતાં વિનોદી જવાબ સાંભળી વિદ્યાર્થીઓ પ્રસન્ન થયા.

## ૨૦
## તમે મિજાજ ગુમાવો છો?

**ઇંગ્લૅન્ડમાં** ગાંધીજી એટલા બધા કામમાં રહેતા કે માંડ બે કલાક રાત્રે તેમને ઊંઘવાના મળતા. કામમાં તેઓ દટાઈ રહેતા છતાં તેમના મુખ પરની પ્રસન્નતા જરાયે ઓછી થતી ન હતી. તેથી ઘણા અંગ્રેજોને આશ્ચર્ય થતું. એક વાર એક દંપતી તેમની મુલાકાતે આવ્યાં હતાં. કુતૂહલભરી નિખાલસતાથી સ્ત્રીએ પૂછ્યું: "મિ. ગાંધી! તમારો મિજાજ